સંક્ષિપ્ત સમાચાર

ગવર્મેન્ટ એન્જિ. કોલેજ ગોધરા ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા શિબીર યોજાઈ

ગોધરા : રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ નાલસા ન્યૂ દિલ્હી તેમજ નામદાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ અમદાવાદ ના માર્ગદર્શન હેઠળ પંચમહાલ જિલ્લા ના સેવા સત્તામંડળ ગોધરા ના સચિવ કે.કે.પટેલ દ્વારા ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજ ગોધરા ના વિદ્યાર્થીઓને જાતીય ગુનાઓ સામે બાળકોના રક્ષણ અંગે પોક્સો એક્ટ 2012, ચાઈલ્ડ મેરેજ એક્ટ તથા વિક્ટટીમ કોમ્પલસેસન સ્કીમ તથા કાયદા અંગેની માહિતી આપતી શિબિર યોજાઈ ગઈ જેમાં પોક્સો એક્ટ 2012 જાતીય સતામણી એટલે શું? બાળકો સાથેના યોન અપરાધો કાયદા અંગેની જોગવાઈઓ બાળકો સાથે ગુના થાય ત્યારે કઈ બાબતો ધ્યાનમાં લેવી જોઈએ તે અંગેનું માર્ગદર્શન આપ્યું હતું.

દાહોદના દશલા ગામે સગીરાનુ અપહરણ કરતા યુવક વિરુદ્ધ પોલીસ ફરિયાદ

દાહોદ : દાહોદ તાલુકાના દશલા ગામેથી એક યુવક દ્વારા એક ૧૬ વર્ષિય સગીરાનું પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે. દાહોદના દશલા ગામે કથડિયા ફળિયામાં રહેતો રાકેશભાઈ સાબુડાભાઈ બારીયાએ ગત તા.૨૬મી માર્ચના રોજ દાહોદ તાલુકાનામાં રહેતી એક ૧૬ વર્ષિય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પંચમહાલના સંસદ રાજપાલસિંહ જાદવની લોકસભામાં મતવિસ્તારમાં રેલ્વે સુવિધાઓ વધારવાની માંગ

કાલોલ : કાલોલ તાલુકાના કરોલી ગામના વતની એવા પંચમહાલના સાંસદ રાજપાલસિંહ જાદવ દ્વારા લોકસભામાં પંચમહાલ મતવિસ્તારમાં રેલ્વે સુવિધાઓની માંગ કરી હતી વિશેષમાં ગોધરા અને લુણાવાડામાં રેલવે સુવિધાઓ નો વિકાસ કરવા અને સુવિધાઓ વધારવાની માંગ કરી હતી જેથી મધ્યપ્રદેશ અને રાજસ્થાન અને દિલ્હી સુધી આ વિસ્તારની જનતાને રેલવે દ્વારા જોડવામાં મદદરૂપ બની શકાય તેમ છે.

ભગવાન શ્રીરામનુ અપમાન કરાતા રામ યાત્રા સમિતિ દ્વારા કલેક્ટરને આવેદન

દાહોદમાં નિકળેલી શ્રી રામ આગમન યાત્રામાં ડીજે બંધ કરાવતા ભક્તોમાં રોષ

સમિતિ દ્વારા ૧૨ વર્ષથી પ્રભુ શ્રીરામની વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવે છે

(પ્રતિનિધિ) દાહોદ, તા.3

દાહોદ નગરમાં ગઈકાલ સાંજે રામાનંદ પાર્ક ખાતેથી નીકળેલ શ્રી રામ આગમન યાત્રા દરમિયાન રસ્તામાં બસ સ્ટેશન આગળ પોલીસ પ્રશાસન દ્વારા ડીજે બંધ કરાવી શ્રી રામ આગમન યાત્રાનું અપમાન કરવામાં આવતા રામ ભક્તોમાં રોષ ફેલાવવા પામતા આજે આ મામલે રામ ભક્તો દ્વારા જિલ્લા કલેકટરને એક આવેદન આપવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, દાહોદ નગરમાં શ્રી રામ જન્મોત્સવને અનુલક્ષીને શ્રી રામ યાત્રા સમિતિ દ્વારા ભગવાન શ્રીરામની પ્રતિમાનું આગમન ગઈકાલ તારીખ૧-૪-૨૦૨૫ ને મંગળવારના રોજ કરવામાં આવ્યું હતું. આ આગમન સમિતિ દ્વારા શ્રી રામાનંદ પાર્ક દાહોદ ખાતેથી સાંજના ૭:૦૦ કલાકે શ્રી રામ આગમન યાત્રા કાઢવામાં આવી હતી.

અને રાત્રિના આઠ કલાકે આગમન યાત્રા બસ સ્ટેશન દાહોદ ખાતે પહોંચી હતી. પણ બસ સ્ટેશન જતા પોલીસ પ્રશાસન દ્વારા જોહુકમી કરી અને જાહેર માર્ગ પર ડીજે બંધ કરાવેલ અને રામ આગમનયાત્રા સંગીત વગર કાઢવા અમને મજબૂર કરવામાં આવ્યા હતા. તંત્રની આવી ઔરંગઝેબશાહીથી દાહોદની ધર્મ પ્રેમી જનતાની લાગણી દુભાઈ છે. તો જો તંત્ર આવું કરશે અને વારંવાર હિન્દુ સમાજનું અપમાન કરશે તો સમિતિ દ્વારા છેલ્લા ૧૨ વર્ષથી પ્રભુ શ્રીરામની વિશાળ અને ભવ્ય શોભા યાત્રા કાઢવામાં આવે છે તે તંત્રના આવા અડિયલ વ્યવહારને લીધે અમારે યાત્રા નીકાળવાનું બંધ કરવું પડશે. તો તેની જવાબદારી તંત્રની રહેશે.

આ સમગ્ર ઘટનાને સમગ્ર હિન્દુ સમાજ, સંત સમાજ, રામાનંદ પાર્ક દાહોદના તમામ સદસ્યો તથા તમામ હિન્દુ સંગઠનો પોલીસ પ્રશાસનના આવા અડિયલ વ્યવહારને સખત શબ્દોમાં વખોડે છે. પોલીસ પ્રશાસનની જવાબદારી કાયદો અને વ્યવસ્થા સાચવવાની છે. ધાર્મિક સ્વતંત્રતા ઉપર પોલીસ પ્રશાસને આવો અડિયલ વ્યવહાર કરીને કાયદો અને વ્યવસ્થા ડહોળવા નો પ્રયાસ કરેલ છે. અને આવનાર સમયમાં આવી કોઈ પણ શોભાયાત્રા માં ડીજે સાઉન્ડ સિસ્ટમ બંધ ના કરે તે માટે પ્રશાસનને અપીલ કરી હતી.

દાહોદમાં મહેસૂલ વિભાગમાં મોટો ફેરફાર

21 નાયબ મામલતદારોની બદલી, માત્ર 3 નવા આવ્યા : કામગીરી પર અસર થશે

(પ્રતિનિધિ) દાહોદ, તા.3

મહેસૂલ વિભાગે કુલ 157 વર્ગ-3ના કર્મચારીઓની રાજ્યવ્યાપી બદલીઓ કરી છે. આ બદલીઓથી દાહોદ જિલ્લાની વહીવટી કામગીરી પર અસર પડવાની શક્યતા છે. દાહોદથી બદલી થયેલા અધિકારીઓમાં સાબરકાંઠામાં 6, ડાંગમાં 3, બનાસકાંઠામાં 2 અને અન્ય જિલ્લાઓમાં 1-1 અધિકારીઓની બદલી કરવામાં આવી છે. દાહોદમાં નવી નિમણૂક પામેલા ત્રણ અધિકારીઓમાં ગાંધીનગરથી કલ્પેશ વી. રાવ, સુરતથી સુરજબેન નારસિંગભાઈ મકવાણા અને ભરૂચથી સ્નેહલકુમારી સી. બામણીયાનો સમાવેશ થાય છે. આ બદલીઓથી વહીવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. કારણ કે જિલ્લામાંથી મોટી સંખ્યામાં અધિકારીઓની બદલી થઈ છે, જ્યારે નવા અધિકારીઓની નિમણૂક ઓછી સંખ્યામાં કરવામાં આવી છે.

અન્ય જીલ્લાઓમાં બદલી થયેલા નાયબ મામલતદારો

(1)હિરેન ચૌધરી	સાબરકાંઠા
(2)તેજલ ગામીત	તાપી
(3)ડી.એમ.મોદી	બનાસકાંઠા
(4)એચ.એસ જોશી	ડાંગ
(5)નિસર્ગ.આર.દેસાઈ	ખેડા
(6)વરલકુમાર પટેલ	નવસારી
(7)એચ.પી.નલવાયા	દ્વારકા
(8)અરવિંદ મહીડા	વડોદરા
(9)કેયુર.જે.રાણા	અરવલ્લી
(10)હેમાબેન સુથાર	પાટણ
(11)હાર્દિક વી.નાયક	વલસાડ
(12)રવિન્દ્ર એન. ડામોર	ડાંગ
(13)બલરાજસિંગ રાઠોડ	સાબરકાંઠા
(14)ડી.આર ગરાસીયા	ડાંગ
(15)ડી.એચ બોરીચા	ભાવનગર
(16)ધવલ પી પટેલ	સાબરકાંઠા
(17)સંગીતાબેન ડામોર	પંચમહાલ
(18)ફાલ્ગુની પટેલ	સાબરકાંઠા
(19)હરેશકુમાર પરમાર	બનાસકાંઠા
(20)દર્શન ડી.પટેલ	સાબરકાંઠા
(21) કારવીશ. પ્રજાપતિ	સાબરકાંઠા

અન્ય એક ઇજાગ્રસ્તને નજીકના દવાખાને ખસેડાયો

ઈન્દોર-દાહોદ હાઈવે પર કારની ટક્કરે બાઈક સવારનુ મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.3

દાહોદ જિલ્લાના ગરબાડાના વડવા ગામે ગામતળ ફળિયામાં રહેતાં રાજુભાઈ માનસિંગભાઈ બારીયા તથા તેમની સાથે જયેયભાઈ રતનસિંહ સોલંકી બંન્ને વ્યક્તિઓ એક મોટરસાઈકલ પર સવાર થઈ દાહોદના કતવારા ગામેથી પસાર થતાં ઈન્દૌર દાહોદ નેશનલ હાઈવે રોડ પરથી પસાર થઈ રહ્યાં હતાં તે સમયે એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી રાજુભાઈના કબજાની મોટરસાઈકલને અડફેટમાં લેતાં રાજુભાઈ અને તેમની સાથેના જયેશભાઈ બંન્ને મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતાં જેને પગલે જયેશભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું જ્યારે ઈજાગ્રસ્ત રાજુભાઈને શરીરે ઈજાઓ પહોંચતાં તેમને સારવાર માટે નજીકના દવાખાને લઈ જવામાં આવ્યાં હતાં. આ સંબંધે અશોકભાઈ રતનસિંહ સોલંકીએ કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદના ગોદી રોડ પર સ્થાનિકોએ ચોરને ઝડપી પોલીસના હવાલે કર્યો

(પ્રતિનિધિ) દાહોદ, તા.3

દાહોદ શહેરના ગોદી રોડ વિસ્તારમાં આવેલ અલ અનવર સોસાયટી ખાતે ગતરોજ મધ્યરાત્રીના સમયે એક અજાણ્યો ઈસમ સોસાયટીમાં ચોરી કરવાને ઈરાદે ઘુસ્યો હતો. આ ઈસમને જોતાની સાથે સ્થાનીક લોકોએ ઝડપી પાડ્યો હતો. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ત્યારે જાણવા મળ્યાં અનુસાર, આ ઝડપાયેલ ઈસમ ઉત્તરપ્રદેશનો હોવાનું જાણવા મળે છે અને આ ઈસમ ટ્રેન મારફતે દાહોદ આવ્યો હતો. સ્થાનીક લોકોએ આ ઈસમને પોલીસને સુપ્રત કર્યો હતો ત્યારે આ ઈસમ ચોરી કરવાને ઈરાદે આવ્યો હતો કે કેમ ? અને જો ચોરી કરવાને ઈરાદે આવ્યો હશે તો તેને અન્ય કેટલાં સ્થળોએ ચોરીઓને અંજામ આપ્યો હશે ? તે તમામ દિશાઓમાં પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.

ગૃહ રાજ્યમંત્રીના પત્રકારો વિરુદ્ધ અપમાનજનક નિવેદનો સામે ફિટકાર વરસ્યો

દાહોદ જિલ્લાના પત્રકારોએ વિરોધ વ્યક્ત કરી કલેક્ટરને આવેદન આપ્યું

(પ્રતિનિધિ) દાહોદ, તા.3

ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી દ્વારા પત્રકારો માટે અપમાનજનક શબ્દો વપરાતા, પત્રકાર સમાજમાં ભારે નારાજગી છવાઈ છે. દાહોદ જિલ્લા પત્રકાર પરિવાર દ્વારા આજે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપીને સરકાર સમક્ષ આ મુદ્દે કાર્યવાહી કરવાની માંગ ઉઠાવવામાં આવી.

આજરોજ દાહોદ જિલ્લાના પત્રકાર પરિવારે એકત્ર થઈ, ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી દ્વારા કરવામાં આવેલા નિવેદનોનો વિરોધ કર્યો. પત્રકારોએ જણાવ્યું કે પત્રકાર એક પગારદાર કર્મચારી કે રાજકીય પક્ષનો ભાગ નથી, પરંતુ પ્રજા અને સરકાર વચ્ચેની એક મહત્વપૂર્ણ કડી છે

આ અંગે અમે મુખ્યમંત્રીને અપીલ કરીએ છીએ કે તેઓ મંત્રીઓને પત્રકારોના માન-સન્માનની રક્ષા કરવા માટે સૂચનાઓ આપે. કોઈ પણ મંત્રીએ પત્રકારો માટે અપમાનજનક શબ્દો વાપરવા જોઈએ નહીં તેવુ શ્વેતલ કોઠારી -પત્રકાર પરિવારના પ્રતિનિધિએ જણાવ્યુ હતુ. સુરતમાં ગેરકાયદેસર બાંધકામ સામે RTI દાખલ કરનાર પત્રકાર વિરુદ્ધ લેવાયેલી કાર્યવાહી અંગે તો પત્રકારોએ કંઈ જણાવ્યું નથી, પરંતુ વારંવાર પત્રકારો વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ કરવા બદલ ગૃહ રાજ્યમંત્રી સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. દાહોદ જિલ્લા પત્રકાર પરિવારે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી, પત્રકારોના સન્માનની રક્ષા માટે સરકાર દ્વારા યોગ્ય પગલાં ભરવાની માંગ કરી છે.

ગ્રામ પંચાયત દ્વારા દબાણકારોને અગાઉ નોટિસ પાઠવાઇ હતી

સંજેલીમાં દુકાનદારો દ્વારા લગાવાયેલા દુકાનની આગળના પતરા ખોલવાની કામગીરી શરૂ

વેપારીઓને ધંધા-રોજગારની સમસ્યા ઉભી થવાનો ડર

(પ્રતિનિધિ) સંજેલી, તા.3

સંજેલી નગરમાં દબાણોને લઈને વારંવાર રજૂઆતો ના અનુસંધાને ગ્રામ પંચાયત તેમજ તાલુકા કચેરી થી દબાણો બાબતે કાર્યવાહી કરવાની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે સંજેલી ગ્રામ પંચાયત દ્વારા નગરમાં દુકાનદારોને દબાણ 15 દિવસ તેમજ સાત દિવસની સમય મર્યાદામાં દબાણો દૂર કરવા બાબતે નોટીસો આપવામાં આવી હતી ત્યારે સંજેલી નગરમાં વેપારીઓ દ્વારા પોતાના ધંધા રોજગારની સમસ્યા ઊભી થવાને લઈને ચિંતામાં મુકાયા હતા. સાત દિવસના સમયગાળા દરમિયાન દબાણો ખુલ્લા કરી અને સોંપવા બાબતની સૂચના ને લઈને વેપારીઓને હાલ જ લગ્નની સિઝન શરૂ થતા વેપાર ધંધો ખૂલ્યો હોવાનું જણાતા સારા વેપાર ધંધાની આશા રાખી અને સૌ કોઈ ધંધામાં વ્યસ્ત બન્યા હતા ત્યારે હાલ જ દબાણોની નોટીશો ફટકારતા વેપારીઓ ચિંતામાં મુકાયા હતા.

ધંધો રોજગાર તૂટી જવાની ચિંતાથી પોતે પોતા પરિવારનો ઘરગુજરાન ચલાવવા બાબતેની ચિંતામાં મુકાઈ ગયા હતા. તેમજ વેપારી વર્ગ દ્વારા દબાણની ઉદ્ભવેલી સમસ્યાનો દુકાનદારોને રાહત મળે તેમ જ સંલગ્ન વિભાગો દ્વારા ઉદભવેલી સમસ્યાનો રહેમરાહે નિરાકરણ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી હતી . હાલમાં જ મેન બજાર વિસ્તારમાં કેટલાક વેપારીઓ દ્વારા દબાણની સમસ્યાને લઈને સ્વેચ્છિક દુકાનોની આગળના પતરાઓ ખોલવાની શરૂઆત કરી દેવામાં આવી હતી . તેમજ દબાણ બાબતે ઉદભવેલી સમસ્યાનો પોતે દુકાનોની આગળ નડતર રૂપ પતરાઓ કાઢી અને આ સમસ્યા બાબતે હાલ ઘટતું કરવા વેપારી વર્ગ દ્વારા માંગ કરવામાં આવી રહી છે .

ડીસાની ઘટનાના પડઘા : તંત્ર સફાળુ જાગ્યુ

કાલોલ બસ સ્ટેન્ડ વિસ્તારમાં ફટાકડાની દુકાનોમાં ચેકિંગ

(પ્રતિનિધિ) કાલોલ, તા.3

ડીસા ખાતે પરવાનગી વગર ધમધમી રહેલ ફટાકડાની ફેક્ટરીમા વિસ્ફોટને કારણે સંખ્યાબંધ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે ત્યારબાદ વહીવટી તંત્ર સફાળુ જાગ્યુ છે અને કાલોલ મામલતદાર કચેરી દ્વારા કાલોલ બસ સ્ટેન્ડ વિસ્તારમાં ફટાકડાનો વેપાર કરતા વેપારીઓની દુકાને આકસ્મીક તપાસ શરૂ કરી છે. વેપારીઓએ ફટાકડા રાખવા, સંગ્રહ કરવા નુ લાયસન્સ મેળવેલ છે કે કેમ? આકસ્મીક આગ જેવા બનાવ બને તો ફાયર સેફ્ટી ના સાધનો વસાવેલ છે કે કેમ? ફટાકડાંની દુકાન માટે ફાયર વિભાગ દ્વારા અપાતી એનઓસીમાં ત્રણ વિભાગના અધિકારીની સહીઓ હોય છે. જેમાં સલામતી માટે ફાયરબ્રિગ્રેડ, રસ્તા પર દબાણ અંગે એસ્ટેટ વિભાગ તથા પ્રજાના આરોગ્યને ધ્યાનમાં રાખીને હેલ્થ વિભાગની મંજુરી જરૂરી છે. આમ, ત્રણેય બાબતોને નજર સમક્ષ રાખીને તંત્ર દ્વારા એનઓસી અપાય છે. હાલ મળતી માહિતી મુજબ પરવાનગી વગર દારૂખાનું વેચતા વેપારીઓ ને ત્યા ચેકીંગ કરી કાયદા મુજબ કાર્યવાહી કાલોલ મામલતદાર કચેરી દ્વારા શરૂ કરાઈ છે.

પંચાયત અને પોલીસની સંયુક્ત કામગીરીથી દબાણકર્તાઓમાં ફફડાટ

ઝાલોદના લીમડીમાં પોલીસ તંત્રને સાથે રાખી દબાણો દૂર કરવાની કવાયત હાથ ધરાઈ

(પ્રતિનિધિ) ઝાલોદ,દાહોદ, તા.3

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં ગ્રામ પંચાયત દ્વારા પોલીસ તંત્રને સાથે સાથે રાખી ગેરકાયદેસર દબાણો દુર કરવાની કામગીરીને પગલે લીમડી નગરમાં ગેરકાયદે દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

ઝાલોદ લીમડી નગરમાં ગેરકાયદે દબાણકર્તાઓ સામે ગ્રામ પંચાયત દ્વારા અવાર નવાર આવા ગેરકાયદે દબાણકર્તાઓને લેખિત તેમજ મૌખિક જાણ કરી ગેરકાયદે દબાણો દુર કરી દેવાની સુચાનાઓ આપવામાં આવી હતી પરંતુ ગેરકાયદે દબાણકર્તાઓએ પોત પોતાના દબાણો સુચનાઓ અપાયા બાદ પણ દુર ન કરતાં ગતરોજ ગ્રામ પંચાયતના તલાટી કમ કમંત્રી તેમજ સરપંચ દ્વારા સ્થાનીક પોલીસ તંત્રને સાથે રાખી લીમડી નગરમાં ગેરકાયદે દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અંદાજે ૧૦થી વધુ ગેરકાયદે દબાણો તંત્ર દ્વારા બુલડોઝરની મદદથી દુર કરવામાં આવ્યાં હતાં. તંત્ર દ્વારા બુલડોઝર લઈ ગેરકાયદે દબાણ દુર કરવા નીકળતાં કેટલાંક લોકો દ્વારા પોત પોતાના ગેરકાયદે દબાણો દુર કરવાની કામગીરી પણ કરી હતી. જાણવા મળ્યાં અનુસાર, આવનાર દિવસોમાં લીમડી નગરમાં અન્ય વિસ્તારોના ગેરકાયદે દબાણો દુર કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવનાર છે.

દાહોદમાં રખડતા આખલાનો આતંક યથાવત

ગોદી રોડ વિસ્તારમા બે બાળકો સાથે જતા યુવક પર આખલાનો હુમલો : સ્થાનિકોએ જીવ બચાવ્યો

(પ્રતિનિધિ) દાહોદ, તા.3

દાહોદ શહેરના ગોદી રોડ વિસ્તારમાં રખડતા આખલાઓએ એક યુવક અને બે બાળકોને નિશાન બનાવ્યા છે. સેન્ટમેરી સ્કૂલ નજીક બનેલી આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. એક યુવક એક બાળકને ઊંચકીને અને બીજા બાળકનો હાથ પકડીને જઈ રહ્યો હતો. રસ્તામાં બેઠેલા આખલાઓએ અચાનક તેમના પર હુમલો કર્યો. હુમલામાં યુવક બાળક સાથે જમીન પર પડી ગયો હતો. બેથી ત્રણ આખલાઓએ એકસાથે હુમલો કર્યો હતો. આસપાસના લોકો તરત જ દોડી આવ્યા હતા. તેમણે પાણી છાંટીને અને લાકડીઓથી આખલાઓને ભગાડ્યા હતા. જો સ્થાનિક લોકો મોડા પડ્યા હોત તો યુવક અને બાળકોને ગંભીર ઈજાઓ થઈ શકી હોત. શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ વધી રહ્યો છે. રહીશો પર હુમલાની ઘટનાઓ વધી રહી છે. શહેરીજનોએ નગરપાલિકાને અનેક વાર લેખિત અને મૌખિક ફરિયાદો કરી છે. પરંતુ નગરપાલિકા તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. સ્થાનિક રહીશોએ માંગ કરી છે કે કોઈ મોટી દુર્ઘટના બને તે પહેલાં નગરપાલિકા રખડતા ઢોરોની સમસ્યાનું કાયમી નિરાકરણ લાવે.

વૈજ્ઞાનિક સાંસ્કૃતિક અને સામાજિક જાગૃતિના રચનાત્મક કાર્યક્રમો કરાયા

"દીકરીઓને ભણાવીએ, દૂષણોને ભગાવીએ" થીમ પર વાંસાપુર મુકામે NSS કેમ્પ સંપન્ન થયો w

(પ્રતિનિધિ) ગોધરા, તા.3

ગોધરાની શેઠ પી.ટી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ દ્વારા દત્ત તારીખ 22 માર્ચથી 28 માર્ચ, 2025 સુધી વાસાપુર ગામ ખાતે વિવિધ રચનાત્મક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પ, ફ્રી આયુર્વેદા કેમ્પ, ગામમાં અને સ્કૂલના બાળકો માટે ઉકાળા વિતરણ, ગામમાં રેલી, ઈચ વન ટીચ વન પ્રોગ્રામ જેમાં એક કોલેજનો વિદ્યાર્થી ત્રણ પ્રાથમિક શાળાના બાળકોને માર્ગદર્શન આપે, મહિલા જાગૃતિ માટે ડો સુજાતવલી ગાયનેકોલેજિસ્ટ ગોધરાનું વક્તવ્ય, પોસ્ટર પ્રેઝન્ટેશન દ્વારા જાગૃતિ, પાદરડી ખાતે High school ની મુલાકાત, સ્વામી વિવેકાનંદ જીવન પર પ્રદર્શનની જેવા ઘણા રચનાત્મક કાર્યક્રમો યોજાયા હતા. બૌદ્ધિક વ્યાખ્યાનોની શ્રેણીમાં ખાસ ડો સુજાત વલી, લો કોલેજના ડો સતીશ નગર અને કૃપા જયસ્વાલ મેડમ, હેલ્થ પર ડો. જયદીપ બાંભણિયા અને મેડિકલ બાબતો પર ડો. રવિ મકવાણા સાહેબે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સંસ્કાર ભારતી પંચમહાલ દ્વારા ખાસ એનએસએસના કાર્યને બિરદાવીને તેમને અઢી હજાર રોકડ પુરસ્કાર અપાયો હતો.